
# ૨૩ સુંદર કપડાં

N8E1B9

નાની છોકરી સાજીદા. તેને એક બહેન. બહેન તેનાથી મોટી. મોટી બહેને સુંદર ઓઢણી આપી. ઓઢણીમાં સુંદર ભરતકામ અને આભલાં લગાવેલાં હતાં. સાંજનું જમવાનું પતાવ્યા પછી, સાજીદાએ આ ઓઢણી પહેરવાની કોશિશ કરી. ઓઢણી સાથે રમત રમતાં તે થાકી ગઈ. ઓઢણી પહેરીને સૂઈ ગઈ. તે ઊંઘમાં પણ ઓઢણી વિશે વિચારતી હતી : ‘સુંદર ઓઢણી કેવી રીતે બનાવવામાં આવી હશે ?’ એવું એ વિચારતી





## વિચારો અને લખો :

F6N4C1

સાજીદાની ઓઢણી કેવી રીતે બનાવવામાં આવી હશે ?

______________________________



❇ ઓઢણી અથવા સિવ્યા વગરનું કાપડ લો. તેને અલગ-અલગ રીતે પહેરો. તમે તેને કેટલી રીતે પહેરી શક્યા ?

______________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- શું કોઈએ તેને લૂંગીની જેમ પહેરવા અથવા પાઘડી બાંધવા ઉપયોગમાં લીધી? બીજી કઈ રીતે તેને પહેરી શકાય?

તમારા ઘરમાં કોઈ પણ કપડાં જુઓ. તમને તેની રચના (texture-ટેક્સચર)માં, તેના રંગમાં અને તેની ભાતમાં શું ભેદ લાગે છે? તેની નોંધ કરો.

| કપડાંનું નામ | કપડાંની રચના | રંગ | ભાત/ડિઝાઈન |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |




- જાડું કાપડ અથવા કોથળો સાવધાનીપૂર્વક જુઓ. શું તમે એની લંબાઈ (length-લેન્થ) અને પહોળાઈ (breadth-બ્રેડ્થ) માં દોરાઓ (threads-થ્રેડ્સ) જોઈ શકો છો ?
- જ્યારે કાપડને તમે નજીકથી જોશો ત્યારે તેના રેસાના તાણાવાણા સરખા જોવા મળશે.
- તમે આવી રીતે કાગળ પણ વણી શકો છો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કાગળનું વણાટ



૧. બે અલગ-અલગ રંગના કાગળ લો.

૨. એક કાગળ ઉપર ઊભી (|) અને બીજા પર આડી (—) રેખાઓ બનાવો.


૩. બંને કાગળ નિશાન કરેલ રેખા સુધી કાપો. ધ્યાન રાખો કે પટ્ટીઓ (strips-સ્ટ્રિપ્સ) સંપૂર્ણપણે જુદી ન થવી જોઈએ.

૪. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક કાગળને બીજા કાગળ પર તેની ધાર પ્રમાણે ગોઠવો. (બધી) ધારો યોગ્ય રીતે ચોંટાડી દો.

૫. હવે પટ્ટીઓથી ચટાઈ બનાવવા કાગળને ગોઠવો.

૬. ચટાઈના છેડા ઉપર પટ્ટી અથવા કાગળની ધાર બનાવો જેથી ચટાઈ ખુલી ન જાય.

## ❋ કાપડ ઉપર છાપકામ



પાઠ વનપરીમાં તમે ફૂલોની રચના અને કાપડ ઉપર બનેલાં પર્ણો જોયાં.

શાકભાજી કાપીને તમે પણ તેના ઉપયોગથી આવી રચના બનાવી શકો છો.

ફુલેવર અથવા ભીંડા કાપો. કાપેલા ભાગ ઉપર રંગ લગાવો અને કાગળ અથવા કાપડના ટુકડા પર તમારી પોતાની રચના બનાવો.

## ❋ રંગ પૂરો :

વિવિધ ફળ વડે છાપકામ કરો.

A1K7Q7

'કાગળ વણાટ' અને 'કાપડ પર છાપકામ'ની પ્રવૃત્તિ બાળકોને પોતાની પારંપરિક કલાની સાથે સંબંધિત કરવા ઉપયોગી બનશે. બાળકોને તેઓની સર્જનાત્મકતા બતાવવાનો મોકો મળશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in